Exam Seat No:_____________________ Enrollment No:_______________________

# C.U.SHAH UNIVERSITY

**WADHWAN CITY**

**University (Winter) Examination -2013**

***Course Name :B.ed Semester-I*** **Subject Name: - Elements Accountancy Contents**

**Duration :- 2:30 Hours** **Date :13/12/2013**

**Instructions:-**

**(1)** Attempt all Questions of both sections in same answer book / Supplementary.
**(2)** Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
**(3)** Instructions written on main answer Book are strictly to be obeyed.
**(4)**Draw neat diagrams & figures (If necessary) at right places.
**(5)** Assume suitable & Perfect data if needed.

## વિભાગ – ૧

**Q. 1 નીચે આપેલ તમામ પ્રશ્નોના ઉતર એક વાકયમાં આપો** **(૧૦)**

1 ભાગીદારીની લોનનું વ્યાજ તેના મૂડી કે ચાલુ ખાતે જમા કરવાને બદલે કયા ખાતે જમા કરી શકાય ?

2 હંગામી મૂડી ખાતાની પધ્ધતિનું બીજું નામ આપો.

3 કાચા સરવૈયામાં દર્શાવેલ ઓફિસ યંત્રોનો ઘસારો કયાં દર્શાવશો ?

4 રૂ.૬૬૦૦૦ના દેવાદારો છે. રૂ ૧૨૦૦૦ નો એક દેવાદાર નાદાર થતા રૂપિયે ૫૦ પૈસા મળશે. ૫% લેખે ઘાલખાધ અનામતની રકમ નકકી કરો.

5 ભાગીદારીનું પુનર્ગઠન એટલે શું ?

6 એક પેઢીનો છેલ્લા ચાર વર્ષનો કુલ નફો રૂ.૭૬૦૦૦ છે. પાઘડીની કિંમત બે વર્ષની ખરીદીના આધારે

7 પુન : મૂલ્યાંકન ખાતાનો નફો કે નુકસાન કયા ખાતે કયા કયા પ્રમાણમાં નોંધવામાં આવે છે ?

8 માલ– મિલ્કત નિકાલ ખાતું શા માટે ખોલવામાં આવે છે ?

9 નિવૃત થનાર ભાગીદારને ચૂકવવાની થતી રકમ કયા ખાતે લઈ જવાય છે ?

10 ભારિત સરેરાશ નફાનુ સૂત્ર આપો.

**Q. 2 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના ઉતર બે કે ત્રણ વાકયમાં આપો.** **(૦૮)**

1 ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે કાચા સરવૈયામાં ઘાલખાધ પરત,પ્રોવિડન્ટ ફંડ,રોકાણોનું વ્યાજ અને બેન્ક ઓવરડ્રાફટ કયાં દર્શાવશો ?

2 પંકજ અને રોનક એક પેઢીના સરખે હિસ્સે નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમની વચ્ચેનું નફા–નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે ૨:૧ કરવાનું નકકી કયું છે ભાગીદારે કરેલ ત્યાગના સુત્રનો ઉપયોગ કરી કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે એની ગણતરી દર્શાવો.

3 તફાવત આપો : સ્થિર મૂડી ખાતાની પધ્ધતિ અને અસ્થિર મૂડી ખાતાની પધ્ધતિ

4 નીચેની માહિતી પરથી પાઘડીની કિંમત છેલ્લા ૪ વર્ષના ભારિત સરેરાશ નફાની ૪ વર્ષની ખરીદીને આધારે નકકી કરો :

| વર્ષ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ |
|---|---|---|---|---|
| નફો(રૂ) | ૨૦૦૦૦ | ૨૨૦૦૦ | ૨૫૦૦૦ | ૩૦૦૦૦ |

5 ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાના બે હેતુઓ લખો.

**Q. 3 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના ઉતર આશરે ૨૫૦ શબ્દોમાં આપો. (૧૦)**

1 કેશવને રાઘવ કરતાં અઢી ગણો તથા માધવને રાઘવનો ૩/૪ નફો મળે છે. પેઢીનો કુલ નફો રૂ ૧,૦૨,૦૦૦ હોય તો માધવનો નફો શોધો.

2 ટુંકનોંધ લખો. ત્યાગનું પ્રમાણ

3 રસીલા, ધારા અને સરલા એક ભાગીદારી પેઢીના સરખે હિસ્સે નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તેમની નફા–નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને ૫:૩:૨ નું કરવાનું તથા પાઘડીનું મૂલ્ય રૂ.૪૫૦૦૦ કરવાનું નકકી કર્યુ છે પેઢીના ચોપડે પાઘડીનું ખાતું દર્શાવેલ નથી. ઉપરની માહિતીને આધારે નીચેના દરેક સંજોગો માટે પેઢીના ચોપડે આમનોંધ પસાર કરો :

(૧) જયારે પાઘડીની પૂરી રકમ પેઢીના ચોપડે દર્શાવવાની હોય ત્યારે

(૨) જયારે ભાગીદારો પાઘડી ખાતું ચોપડે દર્શાવવા માગતા ન હોય ત્યારે

**Q. 4 નીચે આપેલ પ્રશ્નોના ઉતર આશરે ૩૦૦ શબ્દોમાં આપો. (૦૭)**

અસ્મિતા અને સુસ્મિતા એક પેઢીના ભાગીદારો છે. તેઓ ૬૦% નફો મૂડીના પ્રમાણમાં અને બાકીનો નફો ૨:૧ ના પ્રમાણમાં વહેચે છે. નીચે આપેલા પેઢીના તા.૩૧/૦૩/૦૫ ના રોજના કાચા સરવૈયા અને હવાલા પરથી પેઢીનું નફા–નુકસાન ફાળવણી ખાતું, ભાગીદારોનાં ચાલુ ખાતાં તથા પાકું સરવૈયું તૈયાર કરો.

**અસ્મિતા અને સુસ્મિતાની ભાગીદારી પેઢીનું તા ૩૧/૦૩/૦૫ ના રોજનું કાચું સરવૈયું.**

| ખાતાનું નામ | ખા.પે | ઉધાર બાકી રૂ. | જમા બાકી રૂ. |
|---|---|---|---|
| **મુડી અને ઉપાડ :** | | | |
| અસ્મિતા | | ૪૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| સુસ્મિતા | | ૧૨,૦૦૦ | ૮૦,૦૦૦ |
| **ચાલુ ખાતા :** | | | |
| અસ્મિતા | | – | ૮,૦૦૦ |
| સુસ્મિતા | | ૧૨,૦૦૦ | – |
| નફા–નુકસાન ખાતું (ચાલુ વર્ષનો નફો) | | – | ૧,૬૦,૦૦૦ |
| સ્ટોક (૩૧/૦૩/૦૫) | | ૭૨,૦૦૦ | – |
| યંત્રો | | ૮૦,૦૦૦ | – |
| મોટરકાર | | ૧,૦૦,૦૦૦ | – |
| અગાઉથી ચૂકવેલ વીમા–પ્રીમિયમ | | ૩,૨૦૦ | – |
| મકાન | | ૧,૬૦,૦૦૦ | – |
| દેવાદારો અને લેણદારો | | ૮૦,૦૦૦ | ૧,૨૮,૦૦૦ |
| રોકડ અને બેન્ક બાકી | | ૪,૮૦૦ | ૨૦,૦૦૦ |
| દેવીહુંડીઓ | | – | ૧૪,૦૦૦ |
| ગીરો લોન | | – | ૧,૦૦,૦૦૦ |
| પાઘડી | | ૪૦,૦૦૦ | – |
| બાકી મજૂરી | | – | ૨,૮૦૦ |
| મળવાનું બાકી ભાડું | | ૧,૬૦૦ | – |
| અગાઉથી મળેલ કમિશન | | – | ૮૦૦ |
| ઘાલખાધ અનામત | | – | ૮,૦૦૦ |
| પેટન્ટસ | | ૧૨,૦૦૦ | – |
| ફર્નિચર | | ૨૪,૦૦૦ | – |
| કુલ સરવાળો | | ૬,૪૧,૬૦૦ | ૬,૪૧,૬૦૦ |

**હવાલા :**

1 મૂડી પર ૬% અને ઉપાડ પર ૧૦% વ્યાજ ગણવાનું છે.
2 ચાલુ ખાતાની શરૂઆતની બાકી પર ૧૦% લેખે વ્યાજની જોગવાઈ કરો.
3 સુસ્મિતાને દર મહિને રૂ. ૧,૮૦૦ લેખે પગાર ચુકવવાનો બાકી છે.
4 ઉપરના હવાલાઓ નાખ્યા પછી વધતા નફા પર સુસ્મિતાને ૧૦% લેખે કમિશન આપવાનું છે.

C U SHAH UNIVERSITY
VARDHMAN BHARTI TRUST
ESTD - 2013
EMPOWERING YOUR DESTINATION

## વિભાગ – ૨

**Q. 1 નીચે આપેલ તમામ પ્રશ્નોના ઉતર એક વાકયમાં આપો.** **(૧૦)**

1 ભાગીદારી કરારમાં જોગવાઈ ન હોય તો ભાગીદારો વચ્ચે નફો–નુકસાન કયા પ્રમાણમાં વહેચાય છે ?

2 કાચા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડના રોકાણોનું વ્યાજ વાર્ષિક હિસાબોમાં કયાં દર્શાવાશે ?

3 મૂડીકૃત નફાનું સૂત્ર આપો.

4 નવો ભાગીદાર પાઘડી પેટે રકમ શા માટે લાવે છે ?

5 'A','B', અને 'C' ૫:૩:૨ ના પ્રમાણમાં નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે.'C' નિવૃત થાય છે.નફા–નુકસાન વહેચણીનું નવું પ્રમાણ શોધો.

6 ભાગીદારની નિવૃતિના સંજોગોને કયા કયા વિભાગોમાં વહેચી શકાય ?

7 પેઢીના વિસર્જન વખતે પાકા સરવૈયામાં રોકાણ વધઘટ ભંડોળ બાકીનો નિકાલ કેવી રીતે કરશો ?

8 પેઢીના વિસર્જન સમયે ચોપડે નહિ નોંધાયેલ મિલ્કતની ઉપજ કયા ખાતે જમા થાય છે ?

9 ભાગીદારીનું વિસર્જન એટલે શું ?

10 ભાગીદારી પેઢીના વિસર્જનની રીતો જણાવો.

**Q. 2 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના ઉતર બે કે ત્રણ વાકયમાં આપો.** **(૦૮)**

1 સમજોવો . પુન : મૂલ્યાંકન ખાતું

2 માલમિલ્કત નિકાલ ખાતાની પ્રથમ પધ્ધતિ અને બીજી પધ્ધતિ વચ્ચેનો તફાવત લખો.

3 માનવ અને માનસી એક ભાગીદારી પેઢીના ૪:૩ ના પ્રમાણમાં નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. તેમણે માયાને ભાગીદાર તરીકે ભાગીદારીમાં દાખલ કરી અને નફા–નુકસાનની વહેચણીનું નવું પ્રમાણ ૩:૨:૧ નકકી કર્યુ. માનવ અને માનસીએ કરેલ ત્યાગનું પ્રમાણ શોધો.

4 A,B, અને C ૫:૩:૨ ના પ્રમાણથી નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. C નિવૃત થાય છે.નફા–નુકસાનનું નવું પ્રમાણ શોધો.

5 એક પેઢીના ભાગીદાર અખિલેશની ઉપાડની રૂ.૪,૦૦૦ તથા વહેચણી પાત્ર નફાની રૂ.૬,૦૦૦ની અસર આપ્યા બાદની આખરની મૂડી રૂ.૬૪,૦૦૦ છે. મૂડી પર વાર્ષિક ૫% લેખે વ્યાજ ગણો.

**Q. 3 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ બે પ્રશ્નોના ઉતર આશરે ૨૫૦ શબ્દોમાં આપો.** **(૧૦)**

1 રામ, કૃષ્ણ અને રહિમ એક પેઢીના ભાગીદારો છે.તા. ૧–૪–૦૪ ના રોજની તેમની મૂડી અનુક્રમે રૂ.૮૦,૦૦૦ રૂ.૬૦,૦૦૦ અને રૂ.૧,૬૦,૦૦૦ હતી. વર્ષના અંતે નફાની વહેચણી કર્યા પછી માલૂમ પડયું કે મૂડી પર ૮% લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલ સુધારવા આમનોંધ લખો.

2 A,B, અને C અનુક્રમે ૫૦ પૈસા, ૩૦ પૈસા અને ૨૦ પૈસા ના પ્રમાણમાં નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. C નિવૃત થાય છે. તેનો હિસ્સો A અને B ૩:૧ ના પ્રમાણમાં વહેચી લેવાનું નકકી કયું. તેમનું નવું પ્રમાણ શોધો.

3 રામ અને શ્યામ ૮:૭ ના પ્રમાણમાં નફો–નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે સુદામાને નફામાં ૧/૭ ભાગ આપવાની શરતે ભાગીદારીમાં પ્રવેશ આપ્યો. પેઢીની પાઘડીનું કુલ મૂલ્ય રૂ.૪૨,૦૦૦ નકકી થયું. સુદામા પોતાના હિસ્સાની પાઘડી પેટેની રકમ રોકડમાં લાવ્યો. જેમાંથી જૂના ભાગીદારો અડધી રકમ ધંધામાં રાખી બાકીની રકમ ઉપાડી ગયા. પેઢીના ચોપડે જરૂરી આમનોંધો લખો.

**Q. 4 નીચે આપેલ પ્રશ્નો પૈકી કોઈપણ એક પ્રશ્નનો ઉતર આશરે ૩૦૦ શબ્દોમાં આપો. (૦૭)**

1 X,Y અને Z ૩:૨:૧ ના પ્રમાણમાં નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તા.૩૧/૧૨/૦૩ ના રોજ પેઢીનું વિર્સજન કરવાનું નકકી કર્યું છે

**તા. ૩૧/૧૨/૦૩ ના રોજનું પાકું સરવૈયું**

| જવાબદારી | રકમ રૂ. | મિલ્કતો | રકમ રૂ. |
|---|---|---|---|
| મૂડી : | | વાહનો | ૬૦,૦૦૦ |
| X ૭૦,૦૦૦ | | રોકાણો | ૪૦,૦૦૦ |
| Y ૨૦,૦૦૦ | | સ્ટોક | ૩૦,૦૦૦ |
| Z ૧૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | દેવાદારો ૫૩,૦૦૦ | |
| સામાન્ય અનામત | ૬,૦૦૦ | – | |
| શ્રીમતી X ની લોન | ૩૦,૦૦૦ | ઘા. અનામત ૩,૦૦૦ | ૫૦,૦૦૦ |
| લેણદારો | ૬૦,૦૦૦ | રોકડ અને બેન્કસિલક | ૨૦,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૧૦,૦૦૦ | નફા–નુકસાન ખાતું (ખોટ) | ૬,૦૦૦ |
| | ૨,૦૬,૦૦૦ | | ૨,૦૬,૦૦૦ |

મિલ્કતો અને દેવાંનો નિકાલ નીચે પ્રમાણે કર્યો :

(૧) વાહનોના ૧૦% ઓછા ઉપજયા.

(૨) રોકાણોના૧૨૦% ઓછા ઉપજયા.

(૩) સ્ટોકના ૧૦% વધુ ઉપજયા.

(૪) દેવાદારોએ આપેલ રકમ પરથી ખ્યાલ આવ્યો કે ઘાલખાધ અનામત રૂ.૨,૦૦૦ વધુ રાખેલી છે.

(૫) શ્રીમતી X ની લોન ચૂકવી આપી છે.

(૬) વિસર્જન ખર્ચ રૂ.૭,૦૦૦ થયો.

ઉપરની માહિતીને આધારે પેઢીના વિસર્જનને લગતાં જરૂરી ખાતાં તૈયાર કરો.

(2) આત્મજા અને અનન્યા એક ભાગીદારી પેઢીના ૪:૧ ના હિસ્સામાં નફો–નુકસાન વહેચતા ભાગીદારો છે. તા.૩૧/૧૨/૦૪ ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**તા. ૩૧/૧૨/૦૪ ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી – દેવા | રકમ રૂ. | મિલ્કત – લેણા | રકમ રૂ. |
|---|---|---|---|
| **મૂડી ખાતા :** | | જમીન–અને મકાન | ૪૦,૦૦૦ |
| આત્મજા ૭૫,૦૦૦ | | ફર્નિચર | ૩૦,૦૦૦ |
| + | | રોકાણો | ૩૦,૦૦૦ |
| અનન્યા ૨૫,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | સ્ટોક | ૧૦,૦૦૦ |
| **ચાલુ ખાતા :** | | દેવાદારો ૫,૫૦૦ | |
| આત્મજા ૮,૦૦૦ | | – | |
| + | | ઘા. અનામત ૫૦૦ | ૫,૦૦૦ |
| અનન્યા ૨,૦૦૦ | ૧૦,૦૦૦ | લેણી હુંડી | ૨,૦૦૦ |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | ૫,૦૦૦ | રોકડ સિલક | ૩,૦૦૦ |
| લેણદારો | ૪,૦૦૦ | | |
| ચુકવવાના બાકી ખર્ચા | ૧,૦૦૦ | | |
| | ૧,૨૦,૦૦૦ | | ૧,૨૦,૦૦૦ |

ઉપરની પાકાસરવૈયાની તારીખે તેમણે આસ્થાને નવા ભાગીદાર તરીકે નીચેની શરતો એ પ્રવેશ આપ્યો :

(૧) આસ્થાએ તેના નફાના ૧/૪ ભાગ પેટે રૂ.૨૦,૦૦૦ રોકડા મૂડીના તથા રૂ.૫,૦૦૦ રોકડા પાઘડી પેટે લાવવા. પાઘડીની રકમમાંથી અડધી રકમ જૂના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(૨) જમીન–મકાનની કિંમતમાં ૧૦ ટકાનો વધારો કરવો.

(૩) ફર્નિચર અને સ્ટોકની કિંમતમાં ૫ ટકાનો ઘટાડો કરવો.

(૪) રોકાણોની બજારકિંમત રૂ.૪૦,૦૦૦ છે, જે ચોપડે લાવવી.

(૫) દેવાદારો પર ૧૦% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ રાખવાની છે.

(૬) રૂ.૫૦૦ નો ચુકવવાનો બાકી પગાર ચોપડે નોંધવાનો બાકી છે.

(૭) અકસ્માતના વળતર અંગે રૂ.૨,૦૦૦ નો એક દાવો મંજૂર કરેલ છે.જેને ચોપડે નોંધવાનો બાકી છે.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરી નવા ભાગીદારના પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

*******13********